વેસ્ટર્ન ટાઇમ્સ
WESTERN TIMES
અમદાવાદ, ગાંધીનગર તથા અંગ્રેજી આવૃત્તિ સહિત પ્રગટ થતું દૈનિક

Gandhinagar 21 May, 2018

# 'શ્રીમદ રાજચંદ્ર વિદ્યાપીઠ'ના ટી.વાય.બી.એસ.સી.ના પ્રથમ જ બેચે ૮૫ ટકા પરિણામ


(તસ્વીરઃ-અશોક જોષી, વલસાડ)

**વલસાડ,**

"આજે મારા માટે અતિશય ગર્વનો દિવસ છે કે જ્યારે હું 'શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠ'ના ટી.વાય.બી.એસ.સીના પ્રથમ બેચમાં ૮૦.૫% સાથે પ્રથમ આવ્યો છું. અહીંની શિક્ષણ તથા અન્ય સુવિધાઓ અને સ્ટાફના પ્રેમપૂર્ણ સહયોગથી હું આ સિદ્ધિ મેળવી શક્યો છું. હું મારી જાતને અત્યંત નસીબદાર માનું છું"

આ શબ્દો છે પ્રિતેશકુમમાર મુકેશભાઈ પટેલના, જે શ્રીમદ્ રાજચંદ્રજીની પ્રેરણાથી અને પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈના માર્ગદર્શનથી સંચાલિત, ધરમપુર અને કપરાડા વિસ્તારના ૨૩૮ જેટલા ગામો વચ્ચે આવેલ એકમાત્ર વિજ્ઞાનપ્રવાહની કોલેજ, 'શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠ'માં ટી.વા.બી.એસ.સી.માં પ્રથમ આવ્યો છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન આ કોલેજ કેમેસ્ટ્રી તથા માઈક્રોબાયોલોજીમાં બી.એસસી.નો અભ્યાસક્રમ ધરાવે છે. આ વર્ષે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું એકંદર પરિણામ ૭૭% આવ્યું છે, જ્યારે ખૂબ ગર્વની વાત છે કે 'શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠ'નો આ પ્રથમ જ બેચ ૮૫% પરિણામ લાવ્યો છે જેમાં ૨૦ વિદ્યાર્થીઓએ ડીસ્ટીકશન અને ૨૦ વિદ્યાર્થીઓએ ફર્સ્ટ કલાસ મેળવ્યો છે અને વલસાડ ડિસ્ટ્રીક્ટની કોલેજોમાં તે દ્વિતીય ક્રમાંકે છે. વળી નવા વિદ્યાર્થીઓ માટે ખૂબ આનંદના સમાચાર છે કે આ વર્ષથી અહીં બોટની અને મેથેમેટિક્સનો અભ્યાસક્રમ પણ શરૂ થઈ રહ્યો છે. આ ઉપરાંત કેમેસ્ટ્રી તથા માઈક્રોબાયોલોજીમાં એમ.એસ.સી.નો અભ્યાસક્રમ પણ શરૂ થશે (યુનિવર્સિટીની મંજૂરીને આધીન) આમ વિજ્ઞાનપ્રવાહમાં શિક્ષણ લેવા અને કારકિર્દી બનાવવા ઉત્સુક વિદ્યાર્થીઓ માટે આ કોલેજ એક સુવર્ણ તક આપી રહી છે.

શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠમાં આધુનિક ઉપકરણોથી સુસજ્જ પ્રયોગશાળાઓ, કમ્પ્યૂટર લેબ, અદ્યતન વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અર્થે સ્પોર્ટ્સ, કલા કૌશલ્ય પ્રવૃત્તિઓ, વ્યક્તિગત વિકાસ પ્રવૃત્તિઓ સાથે જીવન મૂલ્યો આધારિત શિક્ષણ આપવામાં આવે છે. વિદ્યાર્થીની આર્થિક પરિસ્થિતિને નોંધમાં લેતાં જો જરૂર જણાય તો તેને લોન તથા સ્કોલરશીપ પણ આપવામાં આવે છે.

શિક્ષણ પ્રદાન કરવા ઉપરાંત શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠ આ વિદ્યાર્થીઓને વ્યવસાયલક્ષી તાલીમ પણ આપે છે. તેમજ વ્યવસાયની તકો ઉપલબ્ધ કરાવવામાં પણ સહયોગ આપે છે. આમ વિદ્યાર્થીઓનો સમગ્રપણે વિકાસ કરી તેઓ આર્થિક અને સામાજિક સ્તરે સ્વનિર્ભર બની દેશના જવાબદાર નાગરિક બને એ વિદ્યાપીઠનો મુખ્ય લક્ષ્ય છે.★